શ્રી ૧૧.

શ્રી પરમાત્માનાં પરમભક્ત

નરસિંહ મેહેતાના પુત્ર.

શામળશાનું આખ્યાન.

રચી છપાવી પ્રસિધ્ધ કરનાર.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ

શ્રી "ભારત વિજય" પ્રીં પ્રેસ કોઠી આગલ બરૂચ

આવૃતિ પહેલી, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

કીમત ૦-૨-૦

(અર્પણ પત્રીકા.)

પ્રસીદ્ધ અને પરોપકારી.

માહાત્મા માહારાજ ભક્તીદાસ વીઠલદાસ રતનપ.

લી. શેવક પ્રભુલાલ મણીશંકર આપને નર્મતા વીનંતી કરૂંછું કે તમો મહાત્મા હાલ મારા પ્રત્યે જે માયા પ્રેમ અને લાગણી રાખો છો તેના આભારમાં તથા હાલ ભરૂચ તથા બીજા ગામોમાં હરીજનોમાં અગ્રેસર પણું ભોગવોછો તેથી સંતોષ પામી આ આખ્યાન સાથે આપનું નામ જોડી હું કૃતાર્થ થાઉછું.

ભરૂચ.
સંવત ૧૯૬૨ ના વઈસાખ વદી
૧૧ ને વાર શુકરે.

લી. સેવક પ્રભુલાલ મણીશંકર
વેજલપોર.

આશ્રય આપનારના નામ.

ચોકશી કૃસ્ણાવલભ રણછોડદાસ	રૂ ૨	૦	૦
શા. છોટાલાલ લલુભાઈ ડાંગરવાલા	૧	૦	૦
ભગુભાઇ મોરાર કંપાઉંડર	૧	૦	૦
મહેતા હરીલાલ ઉંકાભાઇ	૧	૦	૦
કા. ગરબર પરશોત્તમ	૧	૦	૦
કા. ફકીરચંદ હરીભાઈ	૦	૮	૦
ઠા. છગનલાલ ઈશવરદાસ	૦	૮	૦
". નાથાભાઈ દયાલભાઇ	૦	૮	૦
". કાલીદાસ ગોવનદાસ	૦	૮	૦
શા. વીઠલદાસ હરજીવનદાસ	૦	૮	૦
શા. ચુનીલાલ રાઘવજી દેશી કાપડના વેચનાર	૦	૪	૦
મહેતા છોટાલાલ બહેચર જોદ્ધા	૦	૪	૦
શા. વીઠલ હરજી	૦	૮	૦
વૈદરાજ વીઠલદાસ નાહાનાભાઈ	૧	૦	૦
શા. પરશોતમદાશ	૦	૮	૦
મહેતા વીઠલદાસ ફકીરભાઇ	૦	૮	૦
મુનશી બેચર નરોતમ	૦	૧૨	૦

આખ્યાનનો ટુંક સાર.

આ ગુર્જ દેશમાં વડનગર એક શેહેર છે. તેમાં રાજા ચતુર સીંહ કરીને ઘણુંક વરશો પર રાજ કરતો હતો. ને તેનો પ્રધાન મદન મેહેતા કરીને એક નાગર બ્રાહ્મણ હતો તે મહાન બુધ્ધી વાનને સાંણો હતો. તેને ત્યાં એક સાત વરશની પુત્રી હતી. તેનાં લગન કરવા ને ગોર દિક્ષીતને તેડાવ્યા. ને ગોરને કહયું કે આપણી પુત્રીનાં વિવાહ કોઈ શારા ગામમાં જઇ સારો ભણેલો ને આબરૂદાર આપણા ઘર લાયક વર શોધી લાવો. તે ગોરને શ્રીફલ ને રૂપીઓ આપીને રવાને કર્યો. ગોર મહારાજ ગામ પર ગામ ફરતા ફરતાં જુનાગઢમાં આવ્યા. ત્યાં આગલ સર્વે નાગર લોકોનાં છોકરા બોલાવીને જોયા પણ તેમાંથી કોઈ ન જરમાં નહી આવ્યું તારે બધા નાગરોએ મલી ગોરની ચેષ્ટા કરીને કહયું કે સારો આબરૂદાર ને ભણેલો જોઇએ તો નરસિંહ મેહેતાને ઘેર જાવ દિક્ષીત નરસિહ મેહેતાનું ઘર પુછીને તેને ત્યાં આવ્યા. ત્યાં ભગવાને એવી માયા બનાવીકે ઝુંપડી ને ઠેકાણે સોનાંનાં કાંગરાં વાલો મેહેલ બનાવ્યો. તેગોર આવતાંની વારમાં અંજાઈ ગયા. એટલે શામળશા નીસાળેથી ભણીને આવતો હતો ને ભગવાને તેને પ્રદ્યુમનનાં જેવો કર્યો. ને ગોરે પુત્રને જોઈ ને તરત મેહેતાજી એ કહયું કે તમારાં પુત્રનો વિવાહ વડ નગરીમાં મદન વજીરની પુત્રીની સાથે કરીએ માટે ન્યાત વાલાને તેડાવી ગોરે રૂપીઆ ને શ્રીફલ શામળશાના કરમાં આપ્યું ને ગોર રવાને થયા ચાલતાં વડ નગરીમાં આવી પહોંચ્યા એટલે મદને પુછયું કે માહારાજ પુત્રીનો વિવાહ કાં કરી આવ્યા તારે ગોરે કહયું કે

જુનાંગઢમાં ભગવાનનો પરમભકત નરસિંહ મેહેતાને ત્યાં એવી વાત કરેછે એટલે ત્યાં મદન મેહેતાની સ્ત્રી આવીને જારે નરસિંહ મેહેતાનું નામ સાંભલું તારે ધણીં કલકળવા લાગી ને કહયું કે ગોર ને પાછા મોકલીને કહો કે વિવાહ અમારે કરવો નથી. તારે ગોરે કહયું કે બધી નાતનાં સમક્ષમે ચાંડલો કર્યો શ્રીફલ આપ્યુ છે તો હવે મારાથી ના કહેવા જવાય કેમ માટે જો વિવાહ ફોક કરવા હોય તો હુ બ્રમહત્યા આપુંછું એવું મદન મેહેતાએ જાણ્યું તારે સ્ત્રીને સમજાવી કે જે થવાનુ હતું તે થયું ને હવે આપણે બીજી ઠેકાણે કરીશું તારે વાતો થશે કે એક છોકરીને બે જમાઇ. માટે ગોર મહારાજને કહો કે તમે ચોખ્ખુ લગન જોઇ આપો ગોરે સારૂં મુહુર્ત જોઇને કહ્યું કે વઇશાખ સુદ પંચમીને ગુરૂવારનુ છે માટે કંકોતરી લખો એટલે બીજા બ્રામણને કંકોતરી લઇને મોકલી આપીએ. કંકોતરી લઇને બ્રાહ્મણ જુનાગઢમાં નરસિંહ મેહેતાને ઘેર આવી પોંહોંચ્યા ને મેહેતાજીના હાથમાં આપી પણ મેહેતાજીના કાંઈ સગા નહી માટે આંધલા પાંગલા બેશી રહે તેમને સાથે રાખીને મેહેતાજીએ ખુશી થઇને કંકોતરી વાંચી જોઇને ભગવાનનુ સમરણ કરી કહયું કે હે મહારાજ તમારા પરતાપથી આ તો થવાનો છે એમ કહી ગોરને સીધા પાણીનુ કરી દેવ શેવામાં જઇને બેઠાં ને શ્રીકૃષ્ણને કહ્યુ કે પેહેલા પગરણમાં જો દક્ષણા નહી અપાય તો કામ બધું ખોટું થશે એવી ભગવાનને વીનંતી કરી તારે પરમાત્માએ જાણ્યુ કે એની પાસે કંઈ નથી તારે પાંચ મોહોર અંતરીક્ષથી મુકી તેવા મેહેતાજી ધ્યાનમાંથી જાગીને પાંચ મોહોર લઇ ગોરને દક્ષિણામાં આપી

ને ગોર રજા લઇને ચાલતા થયાં ને થોડા દીવશમાં વડનગરી માં આવી પહોંચ્યા ને મદનને કહ્યું કે ધન્ય મેહેતા જુનાગઢ માં તારે મદને પુંછ્યું કે મહારાજ દક્ષણામાં સું આપ્યુંછે તે તો બતાવો એવી વાતો કરેછે તેટલામાં દીક્ષીત ગોર પણ આવ્યા ને મોહોરો જોઇ મદનને કહ્યું કે આખા તારા રાજ માંથી આના બરોબરની એક મોહોર તો લઇ આવ તારે સૌ મોહોર જોઇને અંજાઇ ગયા કે એ જુનો માણુસ છે માટે એની પાસે કંઈ દ્રવ્ય દાટેલું હશે એમ કહીને પછી વીવાહની સામગ્રી તૈયાર કરવા માંડી હવે જુનાગઢમાં માણેકમેતી મેહેતા જીને કહેછે કે હવે લગનને થોડા દીવશ બાકી રહ્યા છે ને આપણે ત્યાં તો એક પૈઇ પણ નથી માટે તમે કેહેતા હતા કે ભગવાને મને રાસ લીલામાં વચન આપ્યું છે કે દુખની વખ તે તને સહાય થઈશ માટે હવે ભગવાનની પાસે જાવ ને કહો કે પુત્રનો ઘેર વીવાહ માંડીને તમારા દરશન કરવા આવ્યો છું ને કેજો કે તે દહાડાનુ વચન યાદ કરીને વીવાહ કરવા સારૂ ચાલો તારે સ્ત્રીને કહ્યું કે હું પ્રભુને તેડવા જાઊંછુ માટે તમો કશી રીતે ફીકર કરશો નહી એમ કહીને મેહેતાજીએ દ્વારીકા ભણી ચાલવા માંડ્યુ. ને દ્વારીકામાં પહોંચ્યા એટલે મલવા સારૂ ભગવાન સામા આવ્યા ને લક્ષ્મીજીએ વાત સાંભળી તે પણ ભક્તને મલવા આવ્યા ભગવાને પુછ્યુ કેમ આવવું થયું ત્યારે મેહેતાજી કહેછે. પુત્રનો વેવા ઘેર માંડી આવ્યો છું દર- શન કરવાને જે રાસ લીલામાં વચન આપ્યુ હતું તે વચન યાદ લાવીને વીવાહ કરવા આવો ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે મેહેતાજી આ ચાર સેવક લઈ જાવ ને હું ને લક્ષ્મીજી જાન

નીકલસે તે વખતે આવીશું તેની ફીકર રાખશો નહી મલી બંટીને ચાર શેવક સાથે લઇને રથમા બેશી જુનાગઢમાં આવી પોહોંચ્યા ને ચારે જણે મંડપની રચના કરવા માંડી ને લોકો ના મનમાં એમ આવ્યું કે જાણે આપણે દ્વારીકામાં રહીએ છે. વલી નાગરની ન્યાતો વારા ફરતી જુદી જુદી રીતનાં ભો જન જમે ને જે રૂતુમા નહી મલે જે ચીજ તે ચીજનુ ભોજન કરે એટલે ભ્રાંતીમા પડી જાય કે આ સાચુછે કે સ્વપનુ છે. વળી મેહેતાજીને ત્યાં ઘર સાંતકને દીવસે ન્યાતને તેડીને સાં તક કરવા બેઠા પણ સાંજ પડી તોપણ કોઇ દીવો બતી કરે નહી ત્યારે ભગવાનને ચીંતાથઇ એટલે વીજલીને આજ્ઞાકરી તો મંડપમા ચમકારા જોઇને લોકો વીસ્મય પામ્યા. વલી જાનના તેડા કરવા માંડયા ત્યારે લોકો કહેછે કે મારી પાસે લુગડા નથી કોઇ કહે કે જણુસ નથી કોઇ કહે કે ચલાતુ નથી વા-સ્તે મેહેતાજી આખા ગામના લોકોને જેણે જે ચીજ જોઇએ તે આપી ને સર્વેને તૈયાર કર્યાં ને વરઘોડો ચડાવ્યો પણ હજુ સુધી ભગવાન આવ્યા નહી માટે દામોદરના દેહેરામાં જઇને બેઠા ને કહયું કે તમો નહી આવોતો હુ શીશ અરપણ કરૂછુ મારે કંઇ આ બધાનુ કામ નથી મારે એક તમારા વીના બધું ઝુઠુ છે એવી જ્યારે વિનંતી સાંભળી ત્યારે ભગવાને તરત રથ જોડી લક્ષમીજીને શાથે લઇને અંતરીક્ષે આવીને ઉભા રહયા ત્યારે નરસિહ મહેતાએ ઊંચુ જોઇ દરશન કરી જાનને ચાલવાની રજા આપી તે જ્યાં મુકામ કરે ને રસોઇ કરે તે વાશણ ત્યાં આગળ લુટાવીને ચાલતા થાય. એવી રીતે મુકામ કરતા તેર દીવસે વડ નગરમાં આવ્યા ત્યારે ગામના

લોકો કહે છે કે આ તો જાન છે કે લશકર છે કે શહેર આપણું લેવાનો વીચાર છે એમ લોકો ગભરાવા લાગ્યા પછી મદન મેતાએ સર્વે લોકોને બોલાવી સામૈયું કરવા ગયાને જાનને ઊતારે લઈ ગયા ને મદન મેહેતાએ જે સાત દીવશ જમાડવા સારૂં પકવાન બનાઇવું હતું તે એક ફેરા માં થઇ રહયું તારે મદન વજીર ગભરાઈ ગયો તે વખતે ગોરે કહયું કે એતો ઝુંપડી વાલાના ઝપાટા છે. પણ નરસિંહ મેહેતા ની પાસેજાવ તમારૂં સમાધાંન થશે. બીજા કોઇથી નહીં થાય. તારે મદન મેહેતાએ નરસિંહ મેહેતાની પાસે આવીને કહયુ કે. ભંડાર ખાલી થઇ ગયા છે. ને અમારી લાજ જાય છે. માટે તમો ભકત છો એમ કાલાવાલા કરી મેહેતાજીને તેડી ગયા ને મેતાજીએ ઘીનો દીવોકરી તુલશી દલ પધરાવી બારણા બંધ કરી ભગવાંનનું સમરણ કરીને ઊગાડયા તોજે જોઇએ તે તૈયાર થઈ ગયું રાતના વરઘોડો ચડાવતી વખતે પુત્રને ભગવાન પાસે પગે લગાડવા લઇ ગયા તારે ભગવાને જોયું કે બધી જાન સણુગારી છે. ને આતો ત્રણેવ એમનાં એમ ફરેછે. ભગવાને તરત પ્રધુમંનનો સણગાર મંગાવી સામલશાને પેહેરાવ્યો. ને પોતાનો સણગાર મેહેતાજીને પેહેરાવ્યો તારે લક્ષ્મીજી એ વીચાર કર્યો કે આ બચારીએ સું ગણેગારી કરીછે. માટે તેમનો શણગાર ઊતારી ને માણેકમેતીને પેહેરાવ્યો. તારે ભગવાનને હસવું આવ્યું કે બીજા લક્ષ્મીજી ઊભા છે. લુગડાં પેહેરાવીને વરગોડો ચડાવ્યો તે ગામમાં ફેરવી ને તોરણે આવી પોહોચ્યાં. ને સાસુ આવી પોંકીને નાક તાણીને માહરામાં પધરાવ્યા ને જોશીએ ઊચ્ચાર કરવા માંડયો તે વખતે મદનની પાસે મેહેતાજી બેઠા હતા તારે

મદનને એમ લાગ્યું કે ભગવાન મારી પાસે બેઠાં છે. વર કન્યા પરણી રહયા. પછી સાત દીવસ જાન રાખી ને પેરામણી આપી ને જાનને વદા કરી તે સાત દીવસમાં જુનાંગઢ આવી પોહોંચ્યાં. ને વર કન્યા ને પગે લગાડવા શારૂં ભગવાનની પાસે લાવ્યા તારે પરમાત્માએ કહયું કે તમારે જે ઇચ્છા હોય તે માંગો તારે કન્યાએ કહ્યું કે મારા સસરાને જેવા સહાય છો. તેવા સહાય અમને થાવો એટલું માંગ્યું ભગવાન વરદાન આપીને દ્વારકામાં રવાને થયાં.



શામળશા આખ્યાન.

(૧) સ્તુતી.

સુખકર દુઃખહર શીવસુત અમપર સદા કરો તમ સહાય.
માંગળીક કાર્યમાં દુંદાળો જે કૃપા કરે તે થાય. સુખ.
શંભુ. વિભુ.
ભક્તિ વિના નથી મોક્ષ કદી નહી આ દુનીયાની માંહ્ય
જપ તપ તિર્થ સર્વે ખોટા ભક્તિ કરે તમ સહાય. સુખ
પાર્વતીનાં પુત્ર તને નહી ભુલું કદા
માફ ભુલ ચુક સજ્જન કરો તમે સદા. સુખ

(૨)

બધાં— (જ્યાં પતીવૃતનું પાલન)

વડ નગરીનો ભુપ ચતુરસિંહ પ્રધાન નામે મદન હતો,
વય સાતની કન્યા કુવારી વર લક્ષણ વાલો સોધતો,
મદન પોતે હાં—હાં—હાં.
વર સોધવા મોકલ્યો ગોરને વડ નગરી
ઘણું દેશોમાં ફરી કરીને આવી પહોંચ્યો જુનાગઢમાં
જાણ કરાવી નાત નાગરમાં, વર જોયાં કદરૂપા
કોઇ મુગાં હાં—હાં—હાં.
ના આવે એની નજરમાં વડ નગરી

નાતે મશકરી ગણી કરીને બનાવ્યું નરશીહ મહેતાનું ઘર.
પુત્ર શીરોમણી વીદ્યાવાલો ઘણો રૂપાલો છે સુંદર
હાં—હાં—હાં નરસીહ મહેતાના ઘરમાં.

(૩)

હિમ્મત— (હરીગીત છંદ.

નરસીહ મેહેતાનુ ધામ પુંછતાં આવ્યા તેના ભુવનમાં.
ઘર બારની રચના જોઇ પામ્યો અતી આનંદમાં
વીસ્વાસ પેઠો ગોરને ભક્તરાજને ભેટયા તહીં.
નરસીહ મેહેતાએ આસન આપી ભલેપધાર્યા મુજ અહીં નરસીહ
જલ પાન આપ્યુ ગોરને એલચી બીડાં ધર્યા અતી.
ભણી કરીને આવ્યાં હરીદાસ જોઇ ફરી મતી નરસીહ
નરસીહ મેહેતાના પુત્રનો અવતાર અદભુત એહનો.
મદન પુત્રી સાથ વીવાહ કરવો માહારે તેહનો નરસીહ
પંચ ભેગી કરી નાગરની શ્રીફલ પુત્રને આપીયું.
શ્રીહરીની ભકતીએ મહેતાનુ સંકટ કાપીયું નરસીહ
વીદાયગીરી નરસીહ મેહેતા જલદી તમે આપજો.
મદનને ઘેર રૂડી પેરે જાન સારી લાવજો નરસીહ

(૪)

નરસીહ— **(થાઓ ભાભી મહીયારી.)**

સુણો વીનતી મારી ઉરમા ઉતારી લેજો સ્વીકારી ગોર તમે મહારાજ
કરજો કાર્ય હમારૂ થાય તમારૂં નહી વીસારૂ એ લક્ષ લીગો વાત આજ
સાખી—અમે વેપારી રામનાને રામની છેરે દુકાન.
આશરો હમને એહનો એ ધણીને હાથે સુકાન.

તમે માથે છો છત્રા લખજો પત્ર આવજો અત્ર એ નીશ્ચયથી
નીરધાર. સુણો

સાખી–કેહેજો મદનને માહરા પ્રેમે કરીને પ્રણામ.
સંસ્કાર હશે તો મલસું એ ધણીને હાથે લગામ.

વાતો કરશો તમારી દુનીયાદારી મનમા વીચારી એ વીસ્મય
થશે અપાર. સુણો

(૫)

દિક્ષીત– (ઠુમરી)

રસ્તો લીધો વડનગરીનો ચાલ્યો જુનાગઢથી તે.
ધન્ય ભક્તરાજ ભક્તી તારી કુલ દીપક તું ખ ાજે.
મદનને ઘેર આવી સોભા નથી કદી દીઠી મે નજરે.
લંકાગઢના જેવી ઇમારત દીઠું ગોકુલ મે વજરે. રસ્તો
પ્રધુમન જેવો પુત્ર ઘણો રૂપાળો તે દીસે.
સુ કહુ હુ મુખેથી વર્ણન નથી કેહેવાનુ તે વીસે રસ્તો
એમ કરતાં વડનગરી આવી ગયો મદનનારે ઘરમાં.
સર્વે હકીકત બની હતી તે કીધી એણે એક ક્ષણમાં રસ્તો

(૬)

માંબાઇ– (અરે સું માનવનો અભીમાન પલકમાં)

જન જાતી ઉંતમ દેહ ફરી નહી આવસેરે.
એને તીલા માલા મુદ્રા એમ કેમ ફાવશેરે.
સંણુગાર ઉતારસેરે જન્મ ગુમાવશેરે. જન
સુ કોમલ બાલા ઢોલ પખાજ વગાડશેરે.
એ સાધુનાં ઝુંડાથી તો કંટાલશેરે.
તાલી પડાવસેરે ભજન ગવડાવસેરે જન

સાખી–કર્મ રેખા મીટે નહીને કર્મે કાધો ફેર.
ભરોબરી લેવાઈ મીલે તો થાએ લીલા લેહેર.
ગોર ખોલે આપણો સ્વામી કાઇનાં કહાડે આપણી ખામી, જન

(૭)

દિક્ષીત– (મારુ લગાડાતો મારા સમછે સલુણીરે.)

નાગરી નાતમાં શ્રીફલ આપ્યુ મેતો હાથેરે.
ફોક વીવા કેમ થાયે એ લીધુ છે મે માથેરે. નાગરી
પ્રાણ કાઢુ હત્યા આપુ ગોર છુ તમારોરે.
બાધાત્રાનો આંક તે કદી નહી કરનારોરે. નાગરી
દસો દેશ માંહે વાતો ચાલી છે તમારીરે.
જમાઇ કહેવાયો જુનાગઢનો થનાર વાત થનારીરે. નાગરી
નરસૈયાનો પુત્ર શીરોમણી શામલશા છે શાણોરે.
નાગરી ન્યાતમાં મળ્યો એ મોતીનો દાણોરે, નાગરી

(૮)

માનબાઇ– (ડરમાં તું દિલસાથ)

પતી હુ કહુછુ સાચી વાત હવે કાંઇ કરશો નહી ઉત્પાત.
ગોરને કરીએ આપણે સાંત. પતી
ગોર દુભાસેને વીપરીત થાસે સારી કીર્તી નહી એમાં ગવાશે.
નાગરી નાતમા હલકાઇ જણાસે લગ્ન જોવડાવો ગોરની પાસે
પાછીતુ કરીશ નહી કલ્પાંત તજી દે હવે તું વલોપાત.
(માટે લગ્નનો દીવસ મુકરર કરી ગોરને કંકાતરી લઇ મોકલીએ.)
પતી હુ કહુછુ સાચી વાત હવે કાંઈ કરસો નહી ઉત્પાત:

(૯)

દીક્ષીત– (ગજલ)

લગ્ન પત્રીકા જોઈ જલદી તમને હુરે આપુ.
સરસ ચોઘડીયું કાઢી સર્વે સંકટ તમ કાપુ.

વઈસાખ સુદ પંચમીને ગુરૂવાર કહીએ.
તેજ દીવસે બાલાનુ કન્યા દાન દઇએ.
કંકોતરી લખી આપો તમો જજમાન મારા.
લઈ જઇને આપું હુતો સમાચાર સારા
જુનાંગઢ જઇને કંકોરી આપી આવુ.
મારૂ કામ બજાવીને ઘેર હુતો જાવું.

(૧૦)

મદન– (પુનમ ચાંદની ખીલી છે પુરી અહીંરે.)

કંકોતરી વાંચજો નરસઇ મેહેતા ભાવથીરે.
એવી વીનતી સેવકની છે આજ, કંકોતરી

સાખી–ઉતમ પ્રસંગ આ આવ્યો માટે રૂડાં કરજો કાજ
ભક્ત અ.ધીન ભગવાન છે એવા ગોવર્ધન ગીરીરાજ.

માટે નમસ્કાર હેતે કરીને વાંચજોરે
રૂડી રીતે તમે સુફીત કરજો કાજ, કંકોતરી

સાખી–સર્વે ઉપમાં લાયક શીર છત્ર મુરબ્બી આપ.
આપ કૃપાથી મદનતો જપે તમારી જાપ. ચાલ

નાગર નાતની સોભા અમને આપજોરે.
તમથી વધસે હમારીતો લાજ. કંકોતરી

શાખી–વઇસાખ સુદી પંચમી ને ગુરૂવાર કહેવાય.
જાન લઇ તમે આવજો ન લાજ હમારી જાય. ચાલ

જોઈતુ કરતુ પ્રીત કરી મગાવજોરે.
એવા પ્રભુલાલનાં કરસો તમે કાજ, કંકોતરી

(૧૧)

દિક્ષીત– (મારા ભાગ્ય તણો નહી પાર)

હવે જુનાગઢની માંય મારે રૂડાં કરવા કાજ.

કંકાતરી આપીને ભજીસું સીતારાંમ,
સામલશાની લગ્ન પત્રીકા જઇને આપુ ત્યાંય.
વીહાયગીરી મુજને આપે કામ આપણુ થાય. હવે
આપણુ ધાર્યુ એ હરીએ ધાર્યુ ખરૂ થયું નીરધાર.
ફોકટ ધાં ધાં ઘણા માર્યા દીલગીર થયાં અપાર. હવે
ઘણી જુક્તીથી કામજ કીધું જાણો ભકત રાજ.
નાગર નાતમાં તમારી મેતો ઘણી વધારી લાજ. હવે

(૧૨)

નરસીહ– (સખી પુર્વ જન્મના પાપ.)

મહારી વારે ચડો ગીરધારીરે નટવર કાનુડા.
પાંચ રૂપીઆ આપી કરો સહાયરે રેશે નહીતો બાલુડા મહારી
તારા નામનોછે વેપાર તાહારોરે મુને આશરો.
નહીતો કટારી ખાઇને ખોઇશ જીવ હુતો માહરો મહારી
માટે છેલ્લી વીનતી સુણુઅરે પ્રભુ માહરા.
લાલ પ્રભુના કરશો કાજ એતો પ્રભુ તાહરા.

નરસીહ– (ગીતી) (૧૩)

પંચ મ્હોર ત્યાં નાંખી અચાનક દેવ પુજાની માંય.
ધન્ય પ્રભુ તુનેછે સેવકને જલદી કરેછે સહાય, રામા
ભક્તરાજ બહાર આવી પંચ મ્હોર દક્ષણા આપી.
આવજો ગોરજી વેહેલા શમાચાર સારા તમે લાવી, રામા

(૧૪)

દિક્ષીત– (હે ચાંપરાજ તું આંખ ઉગાડી.)

ઓ ભક્તરાજ (૨) હુ જાવું છુ મુજ ગામ.

તમે હરી કારતનમાં મચી રહયા છો ને કરોછો સુકીત કામ. ઓ
વડ નગરીમાં (૨) પંચ મ્હોર એને બતાવું,
તારા મનમાં કોડ પુરે એમ કરી સતાવું, ઓ
દલદર મારૂ (૨) તમે કાપ્યું છે નીરધાર.
નાગરી નાતમાં મળ્યુ નથી એ નીશ્ચય કહુંછુ સાર. ઓ
વાહ ભક્તી ટેક (૨) તમ ભક્તરાજની સાચી.
પ્રભુ ભક્તીના પ્રતાપથી તમે કંકોત્રીઆ વાંચી, ઓ

[૧૫]

માનબાઈ— [લાવણી.]

સુણોં પતી તમે મહારાજ. મુજ શીરતાજ. કહુછુ આજ. ઓ
૨ આપણા આવ્યા જુનાગઢથી શું ખબર અંતર લાવ્યા.
એને પુછો બેશાડી વાત કરીને સાંત મુકી ઉત્પાત મેહેતાનાં
ઘરની. ખોડ ખાંપણ છે કે નહી બેનના વરની. સુણો
કંકોતરી આપી તમે કર્યું સું જમે. જીવ કેમ ભમે. કહોને
અમને આ સઘળી વાતની ફીકર છેરે તમને. સુણો
તમે કહેવા પ્રમાણે કર્યું. લગ્ન આદર્યું. કર્મનુ કર્યું નહી ફરનારૂ.
જેમ તેમ કરીને પાર ઉતારેતો સારૂ. સુણો

[૧૬]

દિક્ષીત— [હીંડી]

એની કાન્તીનુછે રૂપ બહુ સારૂ, નાગર નાતમાહે નથી મળનારૂ,
નેણઆંણ ભ્રગુટીભાંણ એવીછેસારી. ચાલેછે કેસરીચાલ ખુબીછેભારી
મુખે વર્ણન કરતાં હૈયું જાય હારી જેને માથે ગાજી રહ્યાછે ગીરધારી
પંચ મ્હોર દક્ષણા મુનેરે આપી. સાત પાદશાહી ઉભી કરૂ છુ આપી.
લગ્ન સબંધી સામગ્રી કરો જલદી કામ કરનારને આપો તમે વરદી

માણેકબાઈ— [**AIR**] [૧૭]

પતી મહારા પ્યારા હવે જલ્દી તમે સુણો વાત.
નાગર સર્વે વાત કરેછે. લજાવશે આપણી જાત,
ઘરમાં ખાવા નથી આપણા. તેની ફીકર મુજને થાય.
રાસ લીલા વખતે વચન આપ્યું. તે કરશેરે સહાય,
પગરણ માડમુ સુ'રે ધાર્યું. જાવ દ્વારીકાની માંય.
પીલી ધજાવાલાને લાવો. લળીલળીને લાગી પાય,
શામલશાના લગ્ન કરવા ચાલો. તમે મહારા નાથ.
નહી આવેતો પ્રાણ કાઢું એવી વીનતી છેરે સાથ,

(૧૮)

નરશીંહ— [**પાણી ભરવા હું ગઈતીરે.**]

મેહેતી જાઉંછુ હવેરે. સામલીઆની પાસે,
નહી આવેતો અહીરે, લજા એની જાસે.
એતો ઘટઘટ માંહેરે, તનમાંહે વ્યાપી રહ્યો.
આ ખલકની માંહેરે, સરવને નચાવ રહ્યો.મે **મેહેતી**
સાખી—સંકટ સમે ભક્તની, હરી કરેછે સહાય.
તે આવી વીવા **કરશે**. માટે તજ ચીંતાય,
એતો રાસમાં મ્હાલેરે. ગોપીઓની સાથે,
કંસને તો વીદાર્યોરે. પોતાને હાથે,
એનાં ચરીત્ર અનેક રે, ભુખે હુતો સું ભાખુ;
કહેછે નરસી કરગરી રે, તારા વીના સુનુ દેખુ; **મેહેતી**

(૧૯)

શ્રી કૃષ્ણ— [**વડનગરીનો મોટો રાજા.**]

રસ્તો **ભાગ્યો** **દ્વારકાનો** આવી પહોંચ્યા **પ્રભુની પાસે.**

પ્રભુએ જાણ્યુ ભકત આવેછે નહી કરૂં કદી નીરાસે,
મેહેતા આવીયા નમ્યા પ્રભુને ચાલો હવે મહારી સાથે.
સામળશાનુ લગ્ન લાધુંછે તે રાખ્યુંછે તમ માથે,
એવુ સાંભલી પ્રભુએ એને ચાર સેવક તરત સોંપ્યાં.
હરી કહેછે જે કરવું હોયતે સરવ સામગ્રી કરો ત્યાં,
રથ બેશવા આપ્યો મેહેતાને જાવ તમે જુનાગઢમાં,
જાન કાઢતી વખ્તે આવીશ ફીકર તજો મેહેતા મનમાં.

[૨૦]

નરસીહ— [ગરૂડે ચડી આવજો ગીરધારી.]

લજા રાખજો તમેરે મોરારી. એટલી અર્જ લેજો સ્વીકારી, ટેક.
ચાર જણા આપ્યા તે કેમ માનુ એતો તમોને મળ્યું એક બાનુ, લજા
જાન કાઢીશ નહી તમ વીના. એટલી સમજજો મનમાં બીનાં, લજા
પેહેલો પૈશાને દાગીના આપે. બીજો વાહનની ચીંતા કાપે, લજા
ત્રીજા પાંસે કામધેનુ ગાય. ચોથા પાસે માંગેતે થાય, લજા
એમ કહીને રથમાંહે બેઠા. જાણે જુનાગઢ જઇ પેઠા, લજા
પ્રભુલાલના તમે સંકટ હરજો. કૃપા કરીને વીઠલ વારે ચઢજો. લજા

[૨૧]

નરસિહ— (દેખા મું બાઇકા કાયદા)

હરી અરજ સુણોને, શાને સંકટ દીઓને.
કીયા પુર્વનાં પાપ અમને આપ્યા કેમ બાપ એનુ રેતુ નથી
માપ શાને ફીકર કરાવો અમોને હરી
છે નાગરની નાત જેમ તેમ કરે વાત [illegible] રહેતુ નથી [illegible]
મેહેતા ભાગી ગયા કયાં કહોને હરી
અમને તારો આધાર. આ ખોટો સંસાર, અમને લાગે અપાર

નીશ્ચય વાત કહુછુ તમોને હરી
એટલે દીઠા રથ ઘણો કાપી નાંખ્યો પંથ ઉતર્યા ચારે સંત
હવે સંકટ કાંઇ હર્યુરે. હરી

(૨૨)

ભજન— (મીનાક્ષી.

મંડપ રચના મોઝાર, જોવા માટે લોક હજાર
જોઈ કરે કીલકાર, સઘલા જન અપાર. [૨]
હાંડી તકતા હારોહાર, ઝુમર તોરે સણગાર
શોભા આપે અપાર, વીજલીનો ચમતકાર [૨]
બેઠક ગ્રહસ્થોની ભરાય, જોતાં અક્કલ ગુમ થાય
મેહેતાનો મંડપ વખણાય, જુગોજુગનીરે માંય. (૨]

[૨૩]

નરસિંહ— [ઓ સુખદાતા ઓ પીતુ માતા]

ઓ પ્રભુ કર્તા, ઓ દુઃખ હરતા સઉ સુખ કર્તા તુ
શાને સંકટ મુજને આંપો, અરજ કરૂ છું હું ટે:
જાન તમ વિના નહીજ ચાલે, એ નીસ્ચે કહુછું વાત
કોલ આપીને ફરી જાવ કેમ, કરોછો વિસ્વાસ ઘાત ઓ
સલ્યાની અહલ્યા તમે કીધી, ને વરતાવ્યો જયજયકાર
ઘણા ભકતોની સહાયજ કરવાં લીધા તમે અવતાર ઓ
લજ્જા તમારી સઘળી જાશે, એ જાણજે મનમા તુ
ફોકટ ફાંફા શાને કરાવે, વારે ઘડીએ શું. ઓ
ખલકની વાતો જાણીનેરે કરવાના છે કાજ,
નરસઇયાની વાતો જાણી નિસ્ચય આવો આજ ઓ

(૨૪]

નરસિંહ— (આવો કુમકુમને પગલે]

પ્રભુ દરશન દોને અમને, વારે ઘડીએ કહુછુ તમને.
લોક હજારો અટકુ આંહી. તમો વીના જાન ચાલે નાંહી.

લક્ષ્મી વર લટકાલા, કેમ આવતા થાય કટાલા;
ફરી ગઈ બુધ્ધી કેમ તમારી, આપુણ હત્યાં છું મારી;
એમ કરીને ખુશી થાજે, ત્રીકમ આવો ને તમે આજે;

(૨૫) (ઉગ્યો સખીસૃષ્ટીનો સૃંગાર હાર.)

નીકળ્યોએની વરગોડો મેહેતાજીનોહાં, ચાલચાલ જોવાને જાનમા.
જેની પાસે છે પ્રભુના સણગાર હાં, સદા તે રહેછે આનંદમા.
સાખી—ધન્ય ભક્ત નરસીહ તુને, અને ધન્ય તારી ટેક.
સર્વે જાન સણગારીને, વલી રાખ્યોછે વિવેક.
તમો પડો સ્વામીને પાય, દામોદર દયા કરેરે.
આવ્યા લક્ષ્મી સહીત ત્યાંય, રથ ઉપર ખરખરેરે.
રોકીછે તમે રજા આપોની જાન, પ્રીતેથી કરો ભક્તીં સુધારસ પાન.
સાખી—જાનને આગ્ના કરી, રસ્તે પડીછે ત્યાંય.
પડાવ રસ્તામાં પડે, ને જયજય ત્યાં થાય
ભાઇઓ જેને ભક્તીનુ છે માન, તેના દાસ થાયે ભગવાન.
તેનુ હરી કરે સમાધાંન, પામે દેવ સમાન સનમાન.
સાખી—તેર દીવસમાં આવ્યાં, વડ નગરીની માય.
દેવ સર્વે સામાં મળ્યાં, પ્રભુ બેઠાછે ત્યાંય.
નીકલોભાઇ વરગોડો મેતાજીનો હાં ચાલચાલ જોવાને જાનમાં

(૨૬) (જો લજા રાખસોતો રહેશેરે.)

જાન લઇને વેવાઇ આવ્યારે, પાદરમાંહી જાન લઇને વેવાઇ આવ્યા.
ગાજ વીજ ગર્જના કરેછે, અલોકીક વીજળી ભારી.
તોપ બંદુકને બાણ છુટેછે, સબ્દ થાયે જયકારી. પાદર
રાજ મંદલ સૌ ભરી કરીને, જઇએ આપણે લેવા.
અહીંઆ લાવી. ઉતારો આપી. કરીએ આપણે સેવા. પાદર
ભક્તરાજને પ્રીતે ભેટી, કરસું વાત ચીત સાથે.
બોલ્યું ચાલ્યું માફ કરજો, એમ માગી માંગીસું હાથે. પાદર

(૨૭) [ચોપાઇ]

વડનગરમા જાનતો લાવ્યા, જોઇએ તેવા ઉતારારે આપ્યાં,
હવે જમવા ચાલોનેરે ભાઇ. પંગત બેસવા માંડીછે ત્યાંઇ.
એમ કહીને ગોરતો ચાલ્યા, નાત જાન સૌ જમવાને આવ્યાં.

પ્રીતે જમેછે સુંદર પાક, સૌને જમતાં લાગ્યો થાક.

નરસીંહ-કૃષ્ણ-(રૂદયે વસેલી પ્રીય પ્રેમી ફસેલી.)૨૮

પ્રભુજી મહારાજ, આંખોના તારા, અર્જ તમોને કરૂંછું.
ઉરમાં ઉતારી, લેજો સ્વીકારી, આ માયામાં હુંતો મરૂંછું.
જાગ જગન જપ તીર્થ કરે, પણ ભક્તી વીના નથી કાંઇ.
તારૂં મુખનું સંભળી બેઠોછે, એ નીશ્ચય કહુંછું ભાઇ. પ્રભુ
પ્રેમે કરીને પ્રણામતું કરજે, મુસ્તક ચર્ણેધરજે.
પ્રભુઆશિ વચન આપે જે, તે કદી નહી તું વીસરજે.
ધન્ય ભક્તરાજ ભકતી તમારી, તમે સાચી કમાણીરે કીધી.
સૌમરેછે ને સૌજીવેછે, તેં સાચી આ કિર્તી લાધી. પ્રભુ

(૨૯) કૃષ્ણ- (કોઈ મને પ્રભુ દેખાડોરે.)

આવો મેહેતાજી આવોરે કહું વાત.
સૌ તૈયાર થયાં તમે જાણોરે નાત જાત.

પ્રભુ વાર લગાડો નહીં મારારે, અમ પ્યારા
આ લુગડા પેહેરી લ્યો લહાવોરે, તમે આવો. પ્રભુ
હરીએ મુગટ પેહેરાવ્યો હાથેરે, એના માથે.
ચતુર્ભુજ કરી અમને દીધારે, એમને કીધા. પ્રભુ
લક્ષ્મીજીએ મેહેતીને પેરાવી દીધારે, એવાસીધા.
સામલશાને મેહેતાજી બોલાવોરે, આંહી લાવો. પ્રભુ
અદભુત રૂપ બનાવી દીધુંરે, કારજ સીધું.
એવા કૃપાળું દીન દયાળા રે, છે છોગાળા. પ્રભુ
એવી ભગ્તી ને ભગવંત વ્હાલોરે, આપે લ્હાવા.
પ્રભુલાલ કહે એપર ચાલેરે, આપણુ દાવા. પ્રભુ

નરસીંહ, માણેકબાઇ— (૩૦)

લક્ષ્મીવર તમે ચાલો ચાલો, ચાલો તમે નાથ.
ભાગ્યાનાં ભેરૂ ચાલો, ચાલો નસે મારી સાથ.

વરગોડો આપે સોભા ભરી.
કીર્તી જુગોજુગ માંહ્ય વધારી.

મળી નારી ગાયેછે ગીત, સૌથી સારારે.
ઘણા જેવા મળેછે લોક, ધન્ય એના નારરે.

મદન જાણુતો આવું નોતું.
વેવા થયો એ થયું મોડું.
પ્રભુ આપે ધાર્યું તેમ થાય, તેહુ માનું રે.
મુને આ દુન્યાની માંય, નથી કાંઇ અજાણ્યું રે.

(૩૧) **સાખી–** **(ગરબો)**

વરગોડો આવ્યો મદનનાં મંડપમાં.
વરને ઉભા રાખ્યા તેના બાજઠમાં

એણે સંસારની તે રીત કયવા માંડીરે.
સાસુ હરીદાશને જોઇ થઇ ગઇ ગાંડીરે.

સા.—સામલશાને બેસાડયા મંડપમાં
નારીઓ ગીતા ગાતી આનંદમાં.
વહુનામામા લાવો કન્યાતમે ભાઇરે હવે સગપણ સાચુ કહુંસમખાઇરે
બ્રાહ્મણુતો વેદ બોલેછે ભારીરે. થયો મંદપમાં જયજય કારીરે.

(૩૨) (**અમારા સદગુરૂ છો મહારાજ.**)

વરમાલા પેહેરાવે ગોર, નથી કાંઇ થતો મંડપમાં સોર.
આનંદમાં સૌ બેશી રહ્યાછે, જુવે મંડપની માંય.
નરસીહમેહેતાની જોડે એ કોણ ભુમંદલનો રાય. વર
કોઈ કહેછે પ્રભુ પધાર્યા, કોઇ કહેછે રાય.
પુન્ય પ્રમાણે સૌના મનમાં, વીચાર જેમનેમ થાન વર.
રાગ તાનતો મચી રહયોછે, મંડપનીરે માંય.
ભક્તરાજ પ્રભુને દેખી, અત્યંત ખુશી થાય. વર.
કંસાર પીરશે કન્યાની માડી, પ્રીતે જમે વરરાય.
પ્રભુલાલ કહે આવા માંતો, આનંદ ઓછવ થાય. વર

(૩૩) (**મુને સહાય કરશો મોરારીરે.**)

જેને લક્ષ્મીપતીની વારરે, તેને ચીન્તા નથીરે લગારે
સોપા ઉગારી, જુક્તાબાઇ તારી, પ્રભુ સહાવ માંગુછું તમારી. જેને
મુજ માત પીતાને જેવા સહાય છો; તેવા સહાય થાજો મોરારી.
નવશે નવાણું ચીર પુરયા, તેમ ગદને અમારી વારે,

(૩૪) [માઝી મુજ બાલમ વ્યભીચારી]

પ્રભુ ગ્રહન ગતિ છે અજબ ત્હારી; તેમાં બુધ્ધી કળી શકે નહી મારી
રાવણને મારી લંકાગઢ જીતી, વિભિષણને રાજ આપ્યું ભારી. પ્રભુ
નેમાનુ છાપરૂ હાથે ચારી, પ્રભુ ગ્રહન ગતિપર જાઉં વારી. પ્રભુ.
બાલ પ્રભુતો અરજ કરેછે સદા આપજે બુધ્ધિ સારીરે પ્રભુ

[૩૫] [આર્યા]

મહેતાએ જાન ચલાવી, ભેટયા સરવે અરસપરસ પ્રીતે,
બોલ્યું ચાલ્યુ માફ કરજો, એવી વિનંતી મદને કરી બહુ રીતે

[૩૬] (જીસ્કા જાની જુદા હોજાવે)

પ્રભુ રથમાં જઈને બેઠા, દેવતાએ વૃષ્ટી કરી હેઠા.
ફુલ ગુલાબને મોગરો ભારી શબ્દ થાયછે જયજયકારી પ્રભુ
રથમાં બેશી દરશન દીધાં, દુખડા સઉના હરી લીધાં. પ્રભુ
રથ પ્રભુએ તુરત ચલાવ્યો, દેવતાઓએ નાદ બજાવ્યો પ્રભુ
એકી નજરે સઉ ઉપર જુવે, આવી જગતમાં આંખ ઉઘેડી. પ્રભુ

(૩૭) [ચોપાઇ]

સાત દીવસમાં જાનરે આવી, જુનાગઢમાં સર્વને રજા આપી
એવી ભકતીનો સાર છે ભાઇ, આખ્યાન પુરૂ કર્યું ભરૂચમાંહી
ભુલચુક માફ કરજો પ્રીતે, પ્રભુલાલ કહેછે એ રીતે.

(૩૮ [બનજારા]

પ્રભુ ગહન ગતીછે તમારી, કળી શકે નહી બુધ્ધી હમારી.
રાવણને તમે સંહારી, વિભીષણને રાજ આપ્યું ભારી.
લંકાનો કીધો અધીકારી. કળી.
સુદામાંના તાંદુલ લીધા, ઝુંપડીના મહેલજ કીધા
નેમાનુ છાપરું ચારી, કળી.
ગોરાનાં હાથજ કીધા, અનેક ભકતનાં કારજ સીધા
પ્રભુલાલ કરે અરજ તમારી. કળી

॥ સમાપ્ત. ॥

જાહેર ખબર.

રાગ રાગણી સીસ્ટમ મુજબ આખ્યાનો.

બનાવનાર, પ્રભુલાલ મણીશંકર વ્યાસ તરફથી.

બહાર પડેલી બુકોની	કીમત	રૂ.	આ	પા.
સામળશાનું આખ્યાન.		૦	૨	૦

બહાર પડનારી બુકો.

હરીશ્ચંદ્ર

એકનાથનું આખ્યાન.

દામાજીનું આખ્યાન.................... ૦—૨—૦

મીરાંબાઇ આખ્યાન.................... ૦—૨—૦

ધરૂ આખ્યાન.................... ૦—૨—૦

બુકો મળવાનાં ઠેકાણા

માસ્તર પ્રભુલાલ રામસંકર વ્યાસ નેજલપોર ભરૂચ.

વૈદરાજ વીઠલદાસ નાનાભાઇ વડાપાડા ભરૂચ.